


## મોદીએ ગુજરાતમાં શું કહ્યું...

- સરદાર પટેલની ભવ્ય પ્રતિમા પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નહેરુના અપમાન કરવા માટે બનાવવામાં આવી નથી જેથી આક્ષેપબાજી અયોગ્ય
- કોંગ્રેસ કહે છે કે સરદાર પટેલ તેમના નેતા છે પરંતુ પાર્ટીના કોઇ નેતા હજુ સુધી સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા જોવા પહોંચ્યા નથી
- મોદીએ ગુજરાતીમાં ભાષણ કરતા કહ્યું કે, કોંગ્રેસ પાર્ટી બીજાને અપમાનિત કરવાના પ્રયાસ કરે છે
- આતંકવાદને જમ્મુ કાશ્મીરના અઢી જિલ્લા સુધી મર્યાદિત કરવામાં સફળ રહ્યા છે
- દેશના અન્ય કોઇ ભાગમાં છેલ્લા પાંચ વર્ષમાં કોઇ મોટા બોંબ બ્લાસ્ટ થયા નથી
- ૨૦૧૭માં ચીન સાથે ડોકલામ વિવાદ વેળા દેશના લોકો સાવચેતી રાખવા કહી રહ્યા હતા ત્યારે ગુજરાતના લોકો આરપારની લડાઈ લડવા માટેની વાત કરી રહ્યા હતા
- દેશવાસીઓના અતુટ પ્રેમ અને વિશ્વાસના લીધે કઠોર નિર્ણય લઇ શક્યા છે
- દુનિયાની મોટામા મોટી તાકાત સાથે સામે છાતીએ ઉભો રહ્યો છું
- ભારતમાં છેલ્લા ૫૫ વર્ષના ગાળામાં પરિવારશાહીને નિહાળી છે અને છેલ્લા પાંચ વર્ષના ગાળાને પણ નિહાળ્યો છે
- કોંગ્રેસની સરકાર હતી ત્યારે પાણી માટે આજીજી કરાતી હતી પરંતુ ધ્યાન અપાતું ન હતું
- સરદાર સરોવર યોજના ૪૦ વર્ષ પહેલા પુરી થઇ હોત તો ગુજરાત આજે અલગ રંગે રંગાયું હોત
- આતંકવાદીઓને એક પછી એક કઠોર જવાબો અપાઈ રહ્યા છે
- ભારતીય સેનાએ તેની ક્ષમતાનું પ્રચંડ પ્રદર્શન કરી દુનિયાને તાકાત બતાવી છે
- સરદાર સાહેબે રજવાડા એક કર્યા હતા પરંતુ નહેરુએ કાશ્મીરની સમસ્યા વધારે ગંભીર બનાવી હતી

# ખર્ચનો હિસાબ ન રજૂ કરનાર ૮૯ ઉમેદવારને પંચની નોટિસ

### ચૂંટણી પંચે નોટિસ ફટકાર્યા બાદ ઉમેદવારોએ હવે જરૂરી ખુલાસો અને ખર્ચનો હિસાબ આપવો પડે તેવી પરિસ્થિતિ

અમદાવાદ,તા. ૧૮

ગુજરાત રાજ્ય ચૂંટણી પંચે ૨૬ લોકસભા પર ઉમેદવારી કરી રહેલા કુલ ૩૭૧ ઉમેદવારોમાંથી ૮૯ ઉમેદવારો કે જેઓ તેમનો ચૂંટણી અંગેના ખર્ચનો હિસાબ રજૂ નહી કરી શકતાં નોટિસ ફટકારી છે. ગુજરાત રાજ્ય ચૂંટણી પંચની આ આકરી કાર્યવાહીને પગલે રાજયભરમાં બહુ જોરદાર રાજકીય ખળભળાટ મચી ગયો છે. ચૂંટણી પંચની નોટિસને પગલે હવે આ ૮૯ ઉમેદવારોએ જરૂરી ખુલાસા સાથેનો જવાબ અને ચૂંટણી ખર્ચનો હિસાબ રજૂ કરવો પડશે. ચૂંટણી આચારસંહિતાના નિયમો અનુસાર ચૂંટણી સંદર્ભે થતાં ખર્ચની વિગતો ચૂંટણી પંચ સમક્ષ રજુ કરવાની હોય છે. ગુજરાત રાજયની ૨૬ લોકસભા બેઠક પર ઉમેદવારી કરી રહેલા ૩૭૧ ઉમેદવારો પૈકી ૮૯ ઉમેદવારોએ પોતાનો ચૂંટણી ખર્ચ અંગેનો હિસાબ રજૂ કર્યો ન હતો, જેને લઇ રાજ્ય ચૂંટણી પંચે ગંભીરતાથી નોંધ લીધી હતી અને આ સમગ્ર મામલે આકરી કાર્યવાહી હાથ ધરી હતી.

રાજ્ય ચૂંટણી પંચે ૨૬ બેઠકો પરના ૮૯ ઉમેદવારોને ખર્ચનો હિસાબ રજૂ ના કરતાં નોટિસ આપી છે. જેમાંથી જામનગર બેઠકના સૌથી વધુ ૧૬ ઉમેદવાર છે. આ સાથે કચ્છ,અમદાવાદ પૂર્વ, ભાવનગર, આણંદ, બારડોલી, સુરત, અને વલસાડ બેઠક સહિતના ઉમેદવારોને નોટિસ આપી છે, જેને પગલે લોકસભાની ચૂંટણી પહેલાં રાજકીય ખળભળાટ મચી જવા પામ્યો છે. ખાસ કરીને ચૂંટણી પંચની નોટિસ મેળવનારા ઉમેદવારો આ મામલે કાયદાકીય નિષ્ણાતો અને રાજકીય દિગ્ગજોની સલાહ અને મદદ મેળવવા દોડતા થયા છે.

## મોદી ૩૦ દિવસમાં ૧૦૦થી વધુ રેલી કરવા માટે સુસજ્જ

અમરેલી, તા. ૧૮

ચૂંટણી પ્રચાર તીવ્ર બનવાની સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ હવે ચૂંટણી રેલીની ગતિ વધારી દીધી છે. ૩૦ દિવસના ગાળામાં મોદી હવે ૧૦૦થી પણ વધારે રેલી કરનાર છે. હજુ સુધી દિવસમાં ત્રણ રેલી કરી રહેલા મોદી હવે દિવસમાં ચાર રેલી કરનાર છે. આગામી એક મહિનાની અંદર દેશના જુદા જુદા ભાગોમાં ૧૦૦થી વધારે રેલી કરનાર છે. આવનાર દિવસોમાં રેલીના આંકડામાં ફેરફાર થઇ શકે છે. ચૂંટણી કાર્યક્રમની જાહેરાત થયા બાદથી મોદી દરરોજ બેથી ત્રણ રેલી યોજી રહ્યા છે. મંગળવારથી તેમની રેલીની સંખ્યા ચાર થઇ ચુકી છે. કારણ કે, વડાપ્રધાનની દરેક સંસદીય બેઠકમાંથી માંગ આવી રહી છે. આ માંગને પૂર્ણ કરવા માટે રેલીની સંખ્યા વધારવામાં આવી રહી છે. એવા પ્રયાસ પણ કરવામાં આવી રહ્યા છે કે, કોઈ જગ્યાએ એક દિવસમાં સંખ્યા પાંચ સુધી પણ કરવામાં આવી શકે છે. ચૂંટણી વડાપ્રધાન મોદીના નામ પર ચાલી રહી છે જેથી મોદીને પ્રચારની જવાબદારી પોતાના હાથમાં લેવાની ફરજ પડી રહી છે. ભાજપના દરેક દિગ્ગજ નેતાઓ પણ પ્રચાર કરી રહ્યા છે પરંતુ મોદીની રેલીઓની સંખ્યા સૌથી વધારે દેખાઈ રહી છે. આક્રમક પ્રચારનો દોર જારી રહી શકે છે.



ગુજરાતમાં મતદાનની તારીખ ઢુંકડી આવી રહી છે અને ચુંટણી પંચ દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં કોઈ કસર છોડવામાં નથી આવી રહી. હવે મતદાન ઈલેકટ્રોનિક વોટીંગ મશીન એટલે કે ઈવીએમ પર થાય છે પરંતુ શરૂઆતથી જ ઈવીએમ મશીન પર શંકાની સોય તણાયેલી રહેવા પામી છે. ચુંટણી પંચ દ્વારા આશંકાનું નિરાકરણ કરવા ઈવીએમ મશીનો અંગે ખૂબ તકેદારી લેવામાં આવી રહી છે. ગાંધીનગરના સેકટર-૧૫માં સરકારી કોલેજમાં આગામી મતદાનના દિવસે ઉપયોગમાં લેવાનાર ઈવીએમ મશીનોના ચેકીંગ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

## મોદીના કાફલાનું ચેકિંગ કરનાર આઈએએસ અધિકારીને ચૂંટણીપંચે સસ્પેન્ડ કર્યા

ન્યુ દિલ્હી,તા.૧૮

ઓડિશામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાફલાની તપાસ કરવાનો પ્રયાસ કરનાર આઇએએસ ઓફિસરને ચૂંટણી પંચે સસ્પેન્ડ કરી દીધાં છે. આ મામલામાં વડાપ્રધાન કાર્યાલયે દખલ કરી હતી જે બાદ ચૂંટણી પંચે કાર્યવાહી કરી હતી. ચૂંટણી પંચે મોહમ્મદ મોહસિન નામના આઇએએસ અધિકારીને સસ્પેન્ડ કરી દીધાં છે. મોહસિને મંગળવારે વડાપ્રધાન મોદીના કાફલાની તપાસ કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તેમને એમ કરતા રોકવામાં આવ્યાં હતાં. કર્ણાટક (૧૯૯૬) બેચના આઈએએસ મોહમ્મદ મોહસિન સંબલપુરમાં જનરલ ઓબ્ઝર્વર તરીકે નિયુક્ત હતાં.

આ મામલામાં વડાપ્રધાન કાર્યાલયે દરમિયાનગીરી કરી હતી અને ચૂંટણી પંચના અધિકારી આ મામલાની તપાસ કરવા ઓડિશા પણ ગયા હતાં. પીએમઓના હસ્તક્ષેપ બાદ તેમને ડ્યૂટી પરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યાં છે.

નિયમ મુજબ, સ્પેશ્યલ પ્રોટેક્શન ગ્રુપ (SPG)નું સુરક્ષા છત્ર ધરાવતા નેતાઓ અને તેમનો કાફલો રુટિન ચેકિંગમાંથી બાકાત રાખવામાં આવે છે.

### મોદી હેલિકોપ્ટરમાં શું લઈને જઈ રહ્યા હતા ?: કોંગ્રેસ

કોંગ્રેસે આ મામલે ટ્વિટ કરીને લખ્યું કે, ચૂંટણી પંચે એક અધિકારીને વાહનોની તપાસ માટે સસ્પેન્ડ કરી દીધા છે. નિયમ પ્રમાણે તમે બધાના ઓફિશિયલ વાહનોને પણ તપાસી શકો છો. આથી પીએમના વાહનને કોઈ મુક્તિ મળતી નથી. મોદી પોતાના હેલિકોપ્ટરમાં એવું તો શું લઈને જઈ રહ્યા હતા કે તેઓ ન્હોતા ઈચ્છતા કે દેશ તેને જુએ?

## રાહુલ ગાંધીએ ગુજરાતમાં શું કહ્યું...

### ખેડૂતોને ક્યારેય જેલમાં નહી નાંખીએ

રાહુલ ગાંધીએ ખેડૂતોને બહુ મોટી રાહત આપતાં જણાવ્યું કે, અનિલ અંબાણીએ રૂ.૪૫ હજાર કરોડની લોન લીધી અને ભરી નથી પણ જેલમાં ના ગયા, નીરવ મોદી રૂ.૩૫ હજાર કરોડ લઇને વિદેશ ભાગી ગયો પણ જેલમાં ના ગયો, વિજય માલ્યા રૂ.૯ હજાર કરોડ લોન લઈને વિદેશ ભાગી ગયો પણ જેલમાં ના ગયો પરંતુ જો ખેડૂત માત્ર રૂ.૨૦ હજારની લોન ભરવામાં ચૂક કરે તો તેને જેલમાં ધકેલાય છે..જો કોંગ્રેસની સરકાર આવશે તો આ અન્યાય નહી થાય. કોંગ્રેસની સરકાર આવશે તો, અલગ કાયદો બનાવાશે અને લોનની રકમ ભરપાઇ નહી કરી શકનાર દેશના કોઇપણ ખેડૂતને જેલમાં ધકેલવામાં નહી આવે. ખેડૂતોને પૂરતું રક્ષણ અપાશે.

### મોદીએ નોટબંધી, જીએસટી મારફતે દેશનું અર્થતંત્ર ખતમ કર્યુ

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે ફરી એકવાર નોટબંધી, જીએસટી અને રાફેલ ડીલ સહિતના મુદ્દે વડાપ્રધાન મોદીને જોરદાર રીતે આડા હાથે લીધા હતા અને તેમની પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન મોદીએ નોટબંધી, જીએસટી જેવા વગર વિચાર્યા નિર્ણયો લઈ દેશનું અર્થતંત્ર જ ખતમ કરી નાંખ્યું. નોટબંધી જો બ્લેક મની સામેનું પગલું હતું તો, દેશના ચોરો અનિલ અંબાણી, નીરવ મોદી અને માલ્યા જેવા ઉદ્યોગપતિઓ કેમ લાઇનમાં ના ઉભા રહ્યા પરંતુ ગરીબ મહિલાઓ, ખેડૂતો, યુવાઓ અને સામાન્ય જનતા લાઇનમાં લાગી ગઈ હતી. મોદીએ નોટબંધી અને જીએસટી જેવા નિર્ણયોથી દેશનું અર્થતંત્ર અને રોજગાર ખતમ કરી નાંખ્યા.

### યુવાઓએ બિઝનેસ શરૂ કરવો હશે તો કોઇ મંજૂરી નહી લેવી પડે

રાહુલ ગાંધીએ પોતાની સભામાં યુવાઓ માટે પણ બહુ મહત્વની જાહેરાત કરી હતી કે, જો કોંગ્રેસની સરકાર આવશે તો, યુવાઓને તેમનો નવો બિઝનેસ કે સ્ટાર્ટ અપ શરૂ કરવો હશે તો સરકારના કોઇપણ વિભાગની ત્રણ વર્ષ સુધી મંજૂરી લેવાની નહી રહે અમે એવી જોગવાઇ લાવીશું. યુવાઓ પહેલાં તેમનો બિઝનેસ અને સ્ટાર્ટ અપ શરૂ કરી જમાવે અને પછી મંજૂરી લે પ્રકારનો અભિગમ અમે અપનાવીશું. અમે દેશના તમામ યુવાઓને રોજગારીથી સંપન્ન કરીશું.

## ભાજપનો જનાધાર ઘટી રહ્યો છે : પરેશ ધાનાણી

અમદાવાદ,તા.૧૮

અમરેલીમાં આજે પીએમ મોદીએ ચૂંટણી સભા યોજી હતી. વડાપ્રધાનની આ સભા બાદ અમરેલી લોકસભાના કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ મોદી પર નિશાન તાકતા જણાવ્યું કે, ગપગોળા ફેંકવાનું મશીન આજે ગુજરાતમા આવ્યું છે. અમરેલીમાં આગ લગાડવાનો નિરર્થક પ્રયાસ કરતા પ્રધાનમંત્રીએ આઠ હજાર જેટલી જનમેદનીની જંગી જાહેર સભા સંબોધી હતી. અમરેલીના લોકોમાં ભારતીય જનતા પાર્ટીનો જનાધાર ઘટતો જાય છે. દિવથી લઈ દિલ્હી સુધી ભાજપનો સફાયો થશે. ભાજપનું ખાતુ ક્યાંય નહીં ખુલ્લે તેવી સ્થિતી હવે ઉભી થઈ છે. વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ મોદી પર સીધા પ્રહારો કર્યા હતા કે, મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી આજ સુધી હજુ ગામડાઓમાં ક્યાંય સસ્તુ શિક્ષણ મળતું નથી. શાળાઓમાં શિક્ષક નથી, દવાખાનામાં ડોકટર નથી. ખેતરનો સેઢે નર્મદાનાં નીર નથી. ઘરમાં પીવાના પાણી નથી. અમરેલીની જતના કહે છે ઠાલા ભાષણો સાંભળી હવે ભવ બગડી ગયો. મુર્ખ હશે તે જ મોદીને મત આપશે. જે મોદી સાહેબ જાણે છે. મોદી અને ભાજપે નિર્દોષ પ્રજાજનોને છેતર્યા છે અને તેમની સાથે વિશ્વાસઘાત કર્યો છે. ધાનાણીએ વધુમાં ઉમેર્યું હતું કે, ચૂંટણીમાં હારને ભાળી જતાં વડાપ્રધાન મોદીના ગુજરાતમાં આંટાફેરા વધી ગયા છે કે આવતી લોકસભાની ચૂંટણી બાદ મોદી નવરા થવા જઈ રહ્યાં છે. જેથી ગુજરાતમાં પોતાની સુરક્ષિત જગ્યા શોધવા માટે વારંવાર ગુજરાતના આંટાફેરા વધી રહ્યાં છે. સ્મૃતી ઈરાની અને યોગીની સભાઓ ગોઠવાઈ છે. હાર ભાળી ચૂકેલી સરકાર આખા દેશને રેઢો મુકીને અમરેલીમાં પડ્યાં છે.

## અમે ગંગાને શુદ્ધ કરી ત્યારે પ્રિયંકા પાણી પી શક્યા : ગડકરી

પણજી,તા.૧૮

કોંગ્રેસ પર કટાક્ષ કરતા કેન્દ્રીય જળ સંસાધન મંત્રી નિતિન ગડકરીએ કહ્યું હતું કે સરકારે ગંગાના પાણીને શુદ્ધ કરી દીધું તેથી તો કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી ગંગા નદીના પાણીને પી શક્યા અને ગંગા યાત્રા દરમિયાન હોડીમાં સવારી કરી શક્યા. ઉત્તર ગોવાના એક ગામમાં ચૂંટણી રેલીને સંબોધતા ગડકરીએ કહ્યું કે, ગંગાનું પાણી આવતા માર્ચ મહિના સુધીમાં ૧૦૦ ટકા શુદ્ધ થઈ જશે. ગડકરીએ કહ્યું કે, અમે અલ્હાબાદથી વારાણસી સુધી વોટરવેઝ સ્થાપ્યું જેથી પ્રિયંકા હોડીની સવારી કરી શક્યા. જો કોંગ્રેસની સત્તા હોત તો આવું કંઈ થયું જ ન હોત. હજી સુધી અમે માત્ર ૩૦ ટકા કામ જ પૂર્ણ કરી શક્યા છે. ગંગા નદી સ્વચ્છ અને શુદ્ધ છે. ગંગા નદીનું શુદ્ધિકરણ થશે તેની કલ્પના ક્યારેય કોઈએ નહીં કરી હોય. હું દેશને વચન આપું છું કે આવતા વર્ષે માર્ચ મહિના સુધીમાં ગંગા સંપૂર્ણ રીતે સ્વચ્છ અને શુદ્ધ થઈ જશે.

## શત્રુઘ્નસિંહાએ પત્નિ માટે પ્રચાર કર્યો

ભાજપનો છેડો છોડ્યા પછી કોંગ્રેસમાં જનારા શત્રુઘ્ન સિન્હાને પાર્ટીમાં માત્ર ગણતરીના દિવસો થયા હશે કે કોંગ્રેસના નેતાઓની નારાજગી તેમના વિરુદ્ધ થવા લાગી છે. શત્રુઘ્ન સિન્હાની પત્ની પૂનમ સિન્હા વિરુદ્ધ લખનઉ લોકસભા સીટમાં ચૂંટણી મેદાનમાં કોંગ્રેસના ઉમેદવાર તરીકે ઉતરેલા આચાર્ય પ્રમોદ કૃષ્યમે પોતાની નારાજગી વ્યક્ત કરી છે. તેમણે કહ્યુ કે, 'શત્રુ પોતાનો પાર્ટી ધર્મ નિભાવે. તમને જણાવી દઈએ કે, શત્રુઘ્ન સિન્હા તાજેતરમાં જ ભાજપ છોડીને કોંગ્રેસના શામેલ થયા. કોંગ્રેસ તેમણે બિહારની પટના સાહિબ સીટથી ઉમેદવાર તરીકે ઉભા રાખ્યા છે, જ્યારે તેમની પત્ની પૂનમ સિન્હાને સપામાં લખનઉથી રાજનાથ સિંહની વિરુદ્ધ મેદાનમાં ઉતાર્યા છે. જ્યારે લખનઉથી કોંગ્રેસે આચાર્ય પ્રમોદ કૃષ્ણમને ઉતાર્યા છે.

## શાંતિપૂર્ણ મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

સવારમાં મતદાનની પ્રક્રિયા શરૂ થયા બાદ શરૂમાં જ મોટી સંખ્યામાં મતદારો મતદાન કરવા માટે બહાર નિકળ્યા હતા. હેમામાલિની, ફારૂખ અબ્દુલ્લા સહિત કુલ ૧૬૩૫ ઉમેદવારોન ભાવિ આજના મતદાનની સાથે જ સીલ થઈ ગયા હતા. કોઈ પણ પ્રકારની અંધાધુંધી ન થાય અને શાંતિપૂર્ણ મતદાન થાય તે માટે તમામ વ્યવસ્થા ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવી હતી. જમ્મુ કાશ્મીરમાં કેન્દ્રિય સુરક્ષા દળની ૮૦ કંપનીઓ તૈનાત કરવામાં આવી હતી. તમામ સીટો પર સવારે સાત વાગ્યા મતદાનની પ્રક્રિયા શરૂ થયા બાદ સાંજે પાંચ વાગ્યા સુધી મતદાન ચાલ્યું હતું. તમામ જગ્યાએ મતદાન એકંદરે શાંતિપૂર્ણ રહ્યું હતું. સામાન્ય ચૂંટણીમાં આ વખતે કુલ ૯૦ કરોડ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી રહ્યા છે. રસપ્રદ બાબત એ છે કે, આ પ્રથમ એવી ચૂંટણી છે જ્યારે ૨૧મી સદીમાં જન્મેલા લોકો મતાધિકારનો ઉપયોગ કરી રહ્યા છે. ૨૦૧૪માં ચૂંટણી દરમિયાન આ સદીમાં જન્મેલા લોકોની વય ૧૮ વર્ષની ન હતી. લોકસભાની ચૂંટણીને લઈને મતદારોમાં ભારે ઉત્સાહ દેખાઈ રહ્યો છે. કરોડો મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે સજ્જ દેખાઈ રહ્યા છે.

## ખેડૂતો માટે

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરશે. એક દેશનું ઓવરઓલ બજેટ અને બીજું ખેડૂતો માટે વિશેષ બજેટ. જે રજૂ કરતાં પહેલાં ખેડૂતોની રજૂઆત સાંભળી તેઓને વિશ્વાસમાં લેવામાં આવશે. રાહુલે જો કોંગ્રેસની સરકાર આવશે તો, તત્કાલ ન્યાય યોજના લાગુ કરવાની જાહેરાત કરી હતી. રાહુલ ગાંધી વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર સીધા પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના તમામ નાગરિકોના ખાતામાં રૂ.૧૫ લાખ જમા કરાવવાની અને બે કરોડ નોકરીઓ આપવાની જાહેરાતો કરી હતી પરંતુ હજુ સુધી લોકોના ખાતામાં પૈસા આવ્યા નથી કે યુવાઓને રોજગારી મળી નથી, ઉલ્ટાના ૪૫ વર્ષના ઈતિહાસમાં સૌથી વધુ રોજગારી મોદી સરકારના શાસનમાં પેદા થઈ છે. જેથી પુરવાર થાય છે કે, મોદી જૂઠ્ઠાણાં અને ગપગોળા ચલાવે છે પરંતુ કોંગ્રેસ એવું નહી કરે. કોંગ્રેસ હંમેશા સાચુ જ બોલે છે અને જે કરી શકે તેમ હોય તે જ કહે છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

GRIHASHAKTI™
Fullerton India Home Finance Co. Ltd.
નોંધણીકૃત કાર્યાલય : ૧લો માળ, મેઘ ટાવર, નં. ૧૬૫, પૂનામલ્લી હાઈ રોડ, મદુરાવોયલ, ચેન્નાઈ-૬૦૦૦૯૫
કોર્પોરેટ કાર્યાલય : છઠ્ઠો માળ, બી વિંગ, સુપ્રીમ આઈટી પાર્ક, સુપ્રીમ સીટી, લેક કેસલની પાછળ, પવઈ, મુંબઈ-૪૦૦૦૭૬
સ્ટેટ ઓફિસ : ત્રીજો માળ, ઓરમ એવન્યુ, મીઠાખળી, અમદાવાદ-૩૮૦૦૦૯

ડિમાન્ડ નોટિસ

સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (અમલબજાવણી) નિયમ ૨૦૦૨ના નિયમ ૩ (૧) સાથે વાંચતાં સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૨) હેઠળ. નિમ્નલિખિત સહીકર્તા કથિત ધારા હેઠલ ફુલર્ટન ઈન્ડિયા હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ (એફઆઈએચએફએલ)ના અધિકૃત અધિકારી છે. સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (અમલબજાવણી) નિયમો ૨૦૦૨ના નિયમ ૩ સાથે વાંચના કથિત ધારાની કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તા અજમાવતાં નિમ્નલિખિત ઋણદાર (રો) ('કથિત ઋણદારો(રો)')ને નીચે આપવામાં આવ્યા મુજબ તેમને જારી કરવામાં આવેલી સંબંધિત ડિમાન્ડ નોટિસ (સો)માં ઉલ્લેખિત રકમ પુનઃચુકવણી કરવા માટે સૂચિત કરવામાં આવ્યું હતું. તથા કથિત નોટિસ રજીસ્ટર્ડ પોસ્ટ / કુરિયર / સ્પીડ પોસ્ટથી મોકલામાં આવી હતી, જે સ્વીકાર નહીં થવાથી પાછી આવી છે. ઉક્ત સંબંધમાં કથિત ઋણદાર(રો)ને આ નોટિસ પ્રસિદ્ધ થયાના ૬૦ દિવસમાં એફઆઈએચએફસીને નિમ્નલિખિત સંકેત આપેલી રકમ સાથે નીચે ઉલ્લેખિત તારીખ(ખો) સુધી તેની લાગુ વ્યાજ, કથિત ઋણદાર(રો) દ્વારા અમલ કરેલા, જો કોઈ હોય તો, અન્ય દસ્તાવેજો / લેખન સાથે વાંચતાં લોન કરાર હેઠળ ચૂકવવાપાત્ર ચુકવણી અને / પ્રાપ્તિની તારીખ સુધી ચૂકતે કરવા માટે ફરી એક વાર અત્રે નોટિસ આપવામાં આવે છે. લોનની લેણી પુનઃચુકવણી માટે સિક્યુરિટી તરીકે નિમ્નલિખિત અસ્કયામતો કથિત ઋણદાર(રો) દ્વારા અનુક્રમે એફઆઈએચએફસી પાસે ગિરવી મુકવામાં આવી છે.

| ઋણદાર/ગેરન્ટનું નામ | ડીમાન્ડ નોટીસ તારીખ અને રકમ | અનામત સંપત્તિનું વિવરણ (સ્થાવર મિલ્કત) |
|---|---|---|
| LAN :- 600107510137985<br>૧) શ્રીમતી બેલાબેન બી. ઝાલા W/o. સ્વ.શ્રી બિપીનચંદ્ર મકવાણા@ઝાલા<br>૨) શ્રી વિજેન્દ્રકુમાર બિપીનચંદ્ર ઝાલા<br>૭૫, ક્રિષ્નાપાર્ક સોસાયટી, (અર્બુદા ચોકડી પાસે, અર્બુદા સોસાયટી) નેહરુ ચોકડી, દહેગામ, ગાંધીનગર-૩૮૨૩૦૫ | ૨૦/૩/૨૦૧૯<br>૫,૭૩,૯૯૮.૦૦ | ટેનામેન્ટ નં. ૭૫, ૬૫ સ્કે. યાર્ડનું બાંધકામ ક્રિષ્નાપાર્ક કો.ઓ. હાઉસીંગ સોસાયટી, સી.નં. ૬૪ અને ૬૫, મોજે દહેગામ, તા. દહેગામ જી. ગાંધીનગરના તમામ ભાગો<br>પૂર્વ યુનિટ નં. - ૭૪<br>પશ્ચિમ યુનિટ નં. - ૭૬<br>ઉત્તર : માર્જીન, દક્ષિણ - રોડ |

જો કથિત ઋણદારો તથાકથિત અનુસાર એફઆઈએચએફસીને ચુકવણી કરવામાં નિષ્ફળ જશે તો એફઆઈએચએફસી ધારા અને લાગુ નિયમોની કલમ ૧૩ (૪) હેઠળ ઉક્ત સંરક્ષિત અસ્કયામતો સામે કાર્યવાહી શરૂ કરશે, જેનો ખર્ચ અને પરિણામો કથિત ઋણદારોના સંપૂર્ણ જોખમે રહેશે. કથિત ઋણદારોને ધારા હેઠળ એફઆઈએચએફસીની પૂર્વ લેખિત સંમતિ વિના તથાકથિત અસ્કયામતો વેચાણ, ભાડે કે અન્યથા રીતે ટ્રાન્સફર કરવાથી પ્રતિબંધિત કરે છે. કોઈપણ વ્યક્તિ અહીં આપવામાં આવેલી ધારા અથવા નિયમોની જોગવાઈઓનો ભંગ અથવા ઉલ્લંઘન કરે તો ધારા હેઠળ પૂરી પાડ્યા મુજબ સજા અને / અથવા દંડ માટે ઉત્તરદાયી બનશે.

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૧૮/૪/૨૦૧૯
સહી/-
અધિકૃત અધિકારી
ફુલર્ટન ઈન્ડિયા હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ